# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ફોન પર વાતચીત કરી
2. સંસદમાં ભારતીય બંદર અંગેનો ખરડો 2025 પસાર
3. વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત
4. કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે કહ્યું, વિકસિત ભારત 2047નું લક્ષ્ય હાંસલ થતાં પહેલા જ એક ભારતીય ચંદ્ર પર જશે.
5. 16મી એશિયન શૂટિંગ સ્પર્ધામાં હરિયાણાના કપિલ બૈંસલાએ દેશને પ્રથમ સુવર્ણ ચંદ્રક અપાવ્યો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM-PUTIN CALL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને ફોન કર્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ અલાસ્કામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની તાજેતરની મુલાકાત અંગે સમજ શેર કરવા બદલ પુતિનનો આભાર માન્યો. શ્રી મોદીએ કહ્યું કે ભારતે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે સતત હાકલ કરી છે અને આ સંદર્ભમાં તમામ પ્રયાસોને સમર્થન આપ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે તેઓ આગામી દિવસોમાં રાષ્ટ્રપ્રમુખ પુતિન સાથે સતત વાતચીતની રાહ જોઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

## FUR REV RS-INDIAN PORTS BILL

રાજ્યસભાની મંજૂરી સાથે સંસદે આજે ભારતીય બંદરો ખરડો 2025 પસાર કર્યો. આ ખરડાનો ઉદ્દેશ મુખ્ય બંદરો સિવાયના બંદરોના અસરકારક સંચાલન માટે રાજ્ય મેરીટાઇમ બોર્ડની સ્થાપના કરી તેને સશક્ત બનાવવાનો છે. આ ઉપરાંત  બંદર ક્ષેત્રના માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવા માટે મેરીટાઇમ સ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપના કરવાનો અને બંદરો પર પ્રદૂષણ, આપત્તિ, કટોકટી, સુરક્ષા, સલામતી માટે જોગવાઈ કરશે. આ ખરડો આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ હેઠળ ભારતની જવાબદારીઓનું પાલન સુનિશ્ચિત કરશે. તે બંદર-સંબંધિત વિવાદોના નિવારણ અને તેની સાથે સંકળાયેલા મુદ્દાઓના સમાધાન માટે ન્યાયિક પદ્ધતિઓની પણ જોગવાઈ કરશે.

ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું કે આ ખરડો તમામ દરિયાકાંઠાના રાજ્યો અને અન્ય હિસ્સેદારો સાથે વ્યાપક પરામર્શ પછી લાવવામાં આવ્યો છે. તેમણે ભાર મૂક્યો કે ભારત ટૂંક સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગતિશીલ નેતૃત્વ હેઠળ વિશ્વના અગ્રણી દરિયાઈ દેશોમાંનું એક બનશે.

શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે આ ખરડો બંદરોને લગતા કાયદાઓને મજબૂત બનાવશે, સંકલિત બંદર વિકાસને પ્રોત્સાહન આપશે, વેપારને સરળ બનાવશે અને દેશના દરિયાકાંઠાનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરશે.

. . . . . . . . . . . . .

## REV. EVE LS - ADJOURNED

વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી. બીજી વખત મુલતવી રાખ્યા પછી બપોરે 2 વાગ્યે ગૃહ ફરી શરૂ થયું ત્યારે, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સમગ્ર ગૃહ વતી અવકાશયાત્રી અને ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને અભિનંદન આપ્યા.

(બાઇટ- ઓમ બિરલા, અધ્યક્ષ)

ઘોંઘાટભર્યા માહોલ વચ્ચે, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે ચર્ચા શરૂ કરી. પ્રમુખ અધિકારી દિલીપ સૈકિયાએ વિરોધ કરી રહેલા સભ્યોને આ ખાસ ચર્ચામાં ભાગ લેવા વારંવાર અપીલ કરી, પરંતુ વિરોધ પક્ષોએ વિરોધ ચાલુ રાખ્યો, જેના પગલે તેમણે ગૃહને દિવસભર માટે સ્થગિત કરી દીધું.

અગાઉ, બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી પછી જ્યારે નીચલા ગૃહની બેઠક મળી, ત્યારે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) ખરડો, 2025 રજૂ કર્યો. આ ખરડાનો હેતુ જીવન અને વ્યવસાયને સરળ બનાવવા વિશ્વાસ આધારિત શાસનને વધુ મજબૂત કરવા માટે ગુનાઓથી મુક્તિ આપવા અને તર્કસંગત બનાવવા કેટલાક કાયદાઓમાં સુધારો કરવાનો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઇંડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (સુધારા) ખરડો, 2025 રજૂ કર્યો, જે ઇંડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અધિનિયમ 2017માં સુધારો કરશે. વિરોધ પક્ષના હોબાળા વચ્ચે, પ્રમુખ અધિકારી સંધ્યા રેએ ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . . .

# LS- ASTRONAUT

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે અવકાશયાત્રી શુભાંશુ શુક્લાના આંતરરાષ્ટ્રીય અવકાશ મથકના ઐતિહાસિક મિશનની સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ મેળવેલી સિદ્ધિ પર સમગ્ર દેશ ગર્વ અનુભવી રહ્યો છે. શ્રી સિંહે લોકસભામાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ભારતના પ્રથમ અવકાશયાત્રી - 'વિકસિત ભારત 2047 સુધીમાં અવકાશ કાર્યક્રમની મહત્વપૂર્ણ ભૂમિકા' વિષય પર એક ખાસ ચર્ચા દરમિયાન આ મુજબ જણાવ્યુ હતુ. તેમણે કહ્યું વિકસિત ભારત 2047નું લક્ષ્ય હાંસલ થતાં પહેલા જ એક ભારતીય ચંદ્ર પર જશે.

(બાઇટ : JITENDRA-SINGH-ON-ANTARIKSH-STATION)

છેલ્લા 11 વર્ષમાં અવકાશ ક્ષેત્રમાં સરકારે કરેલા કાર્યો પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, અવકાશ ક્ષેત્ર માટે અનેક સુધારા કરાયા છે. તેમણે કહ્યું કે, અવકાશ ક્ષેત્રને ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે જેના કારણે નવીનીકરણ અને સંશોધનમાં વૃદ્ધિ થઈ છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PREZ TRIBAL COMMUNITIES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે આદિવાસી બાબતોના મંત્રાલયના 'આદિ કર્મયોગી અભિયાન' હેઠળ નવી દિલ્હીમાં વિવિધ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા આદિવાસી વ્યક્તિઓના એક સમૂહને મળ્યા. સોશિયલ મીડિયા

સંદેશમાં, સુશ્રી મુર્મુએ કહ્યું, આદિવાસી સમુદાયોના અમૂલ્ય જ્ઞાન, તેમના સાંસ્કૃતિક વારસા અને તેમની જીવનશૈલીનું જતન કરવું જોઈએ. તેમણે વધુમાં આદિવાસી સમુદાયો માટે સમર્થન માંગ્યું અને કહ્યું કે તેઓ યોગ્ય આદર અને ગૌરવ સાથે દેશની વિકાસ યાત્રામાં સક્રિય સહભાગી બની શકે છે.

. . . . . . . . . . . . . . .

## CHINA FM VISIT

ચીનના વિદેશ મંત્રી અને ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના પોલિટબ્યુરોના સભ્ય વાંગ યી બે દિવસની ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલના આમંત્રણ પર ભારતની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન, ચીનના વિદેશ મંત્રી ભારતના ખાસ પ્રતિનિધિ શ્રી ડોભાલ સાથે ભારત-ચીન સરહદ પ્રશ્ન પર ખાસ પ્રતિનિધિઓની વાટાઘાટોના 24મા તબક્કામાં ભાગ લેશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર તેમના ચીનના સમકક્ષ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

. . . . . . . . . . . . . . .

## PM VIKSIT BHARAT ROZGAR PORTAL

પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના પોર્ટલ પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના (PMVBRY) હેઠળ શરૂ થયું છે.

આ યોજના નવા રોજગાર મેળવનારા યુવાનોને બે હપ્તામાં 15 હજાર રૂપિયા સુધી અને નોકરીદાતાઓને નવી રોજગારીની તકો ઉભી કરવા માટે દર મહિને ત્રણ હજાર રૂપિયા સુધીની સહાય આપશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન આ યોજનાની જાહેરાત કરી હતી. રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના હેઠળની આ યોજનાનો ઉદ્દેશ્ય બે વર્ષમાં દેશમાં 3કરોડ 5લાખથી વધુ નોકરીઓને પ્રોત્સાહન આપવાનો છે. તેમજ આ વર્ષે પહેલી ઓગસ્ટથી ઉત્પાદન ક્ષેત્ર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને તમામ ક્ષેત્રોમાં રોજગાર સર્જન, રોજગારક્ષમતા અને સામાજિક સુરક્ષાને ટેકો આપવાનો છે. નોકરીદાતાઓ www.pmvbry.epfindia.gov.in અથવા www.pmvbry.labour.gov.in ની મુલાકાત લઈ શકે છે અને એક વખત નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે.

. . . . . . . . . . . . . . .

## KAPIL- SHOOTING GOLD

કઝાકિસ્તાનના શ્યામકેન્ટમાં 16મી એશિયન શૂટિંગ સ્પર્ધામાં હરિયાણાના પલવલના કપિલ બૈંસલાએ 10 મીટર એર પિસ્તોલ મેન્સ જુનિયર ફાઇનલમાં 243.0 ના સ્કોર સાથે ભારતને પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો. તેમણે રોમાંચક મુકાબલામાં ઉઝબેકિસ્તાનના ઇલ્કોમ્બેક ઓબિડજોનોવને 0.6થી પાછળ છોડી દીધો. ભારતના જોનાથન ગેવિન એન્ટોનીએ 220.7ના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક મેળવ્યો. કપિલ અને

જોનાથને વિજય તોમર સાથે મળીને કુલ 1723ના સ્કોર સાથે ટીમ રજત ચંદ્રક જીત્યો.

સિનિયર્સ ઇવેન્ટમાં, ભારતે અનમોલ જૈન, આદિત્ય માલરા અને સૌરભ ચૌધરી સાથે ટીમ રજત ચંદ્રક જીત્યો. આમ ભારતે પ્રથમ દિવસનો અંત એક સુવર્ણ , બે રજત  અને એક કાંસ્ય ચંદ્રક સાથે કર્યો.

. . . . . . . . . . . . . . .